
# શિવરાત્રીના અંતિમ સ્નાન સાથે મહાકુંભની પૂર્ણાહૂતિ

સંગમ,તા. ૧૦

ઉત્તર પ્રદેશના અલ્હાબાદ નજીકના સંગમ ખાતે ચાલી રહેલા વિશ્વના સૌથી મોટા મહાકુંભ મેળાની આજે શિવરાત્રીના પ્રસંગે ધાર્મિક માહોલમાં પૂર્ણાહૂતિ થઈ હતી. આજે ૫૫ દિવસ સુધી ચાલેલા મહાકુંભ મેળાના અંતિમ સ્નાન વેળા ૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યુંહતું. મહાશિવરાત્રીના પ્રસંગે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા સંગમ સ્થાન ખાતે ગોઠવવામાં આવી હતી. મહાશિવરાત્રીના સ્નાનની સાથે મહાકુંભ મેળાની પૂર્ણાહૂતિ થતાં તંત્રને મોટી રાહત થઈ હતી. આ પ્રસંગે શ્રદ્ધાળુઓના અભૂતપૂર્વ ઘસારાને ધ્યાનમાં લઈને પહેલાંથી જ તમામ તૈયારીઓ રાખવામાં આવી હતી. મહાકુંભ મેળા પોલીસ અને વહીવટી તંત્રએ સાવચેતીના તમામ પગલાં લીધા હતા. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પણ તૈયારી રાખી હતી. વ્યૂહાત્મક સ્થળ ઉપર ૫૦૦૦થી વધુ પોલીસ જવાન તૈનાત કરવામાં આવ્યા હતા. અનેક સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. મહાકુંભ મેળામાં આતંકવાદી હુમલાની દહેશત પણ રહેલી હતી જેથી તંત્રએ કોઈપણ ગૂંચવણ રાખી ન હતી અને તમામ જગ્યાઓએ સુરક્ષા રાખી હતી. વ્યૂહાત્મક જગ્યાઓ ઉપર સીસી ટીવી કેમેરા પણ ગોઠવવામાં આવ્યા હતા. મહાકુંભ મેળા દરમિયાન જ થોડાક સમય પહેલા અલ્હાબાદ રેલવે સ્ટેશન ઉપર ભાગદોડ મચી ગઈ હતી જેમાં ૩૦થી વધુ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. આ બનાવના કારણે ઉત્તર પ્રદેશ સરકારની વ્યાપક ટીકા થઈ હતી. સંગમ સ્થળ ઉપર આજે પવિત્ર સ્નાન કરવા માટે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ જુદા જુદા ઘાટ ઉપ પહોંચવા લાગી ગયા હતા અને સ્નાનનો દોર શરૂ થયો હતો. સાધુ સંતો પણ સ્નાન માટે પહોંચ્યા હતા. મોડા સુધી પવિત્ર સ્નાનનો દોર ચાલ્યો હતો. કુંભ મેળાને હંમેશા ખુબ મહત્વ આપવામાં આવે છે. દર બાર વર્ષે એક વખત આનું આયોજન કરવામાં આવે છે. અલાહાબાદમાં આવરી લેવામાં આવેલા વિસ્તારને એથેન્સ કરતાં



પણ વધારે વિસ્તારમાં ગણવામાં આવે છે. ગંગા, યમુના નદી સરસ્વતી નદીમાં મળે છે જેથી આને સંગમ સ્થળ તરીકે ગણવામાં આવે છે. હિંદુ પરંપરામાં એવી માન્યતા છે કે, રાક્ષસો અને દેવતાઓ વચ્ચે યુદ્ધ વખતે અહીં અમૃતની બુંદો પડી ગઈ હતી. જેથી શ્રદ્ધાના ભાગરૂપે અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. અમૃત મંથનવેળા રાક્ષસો અને દેવતાઓ વચ્ચે ૧૨ દિવસ સુધી લડાઈ ચાલી હતી. જેથી ચાર અમૃતની બુંદો દેશના જુદા-જુદા વિસ્તારમાં પડી હતી. જે પૈકી એક અલાહાબાદ છે. જ્યારે અન્ય ત્રણ શહેરોમાં હરીદ્વાર, ઉજ્જૈન અને નાસિકનો સમાવેશ થાય છે. દર ત્રણ વર્ષે આ સ્થળો પૈકીના એક ખાતે કુંભ મેળાનું આયોજન કરવામાં આવે છે. આ તમામમાં અલાહાબાદને સૌથી મોટા કુંભ મેળા તરીકે ગણવામાં આવે છે. મહાકુંભ મેળા દરમિયાન કુલ ૧૨ કરોડ રેકોર્ડ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો અને પવિત્ર સ્નાન કર્યું હતું.

## ઉ. પ્રદેશમાં શિવમંદિરમાં ભાગદોડ થતાં બેના મોત

બારાબંકી,તા. ૧૦

મહાશિવરાત્રીના પ્રસંગે ઉત્તર પ્રદેશમાં આજે શિવ મંદિરમાં વહેલી સવારે ભાગદોડ મચી જતાં ઓછામાં ઓછા બે શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા છે અને અન્ય ૧૦ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. બનાવ બાદ તંત્રમાં ભારે અફડા તફડી મચી ગઈ હતી અને ટીકા ટિપ્પણીનો દોર ફરી શરૂ થયો હતો. કુંભમાં પણ હાલમાં અવ્યવસ્થાના કારણે અલ્હાબાદ રેલવે સ્ટેશન ઉપર ભાગદોડનો બનાવ બન્યો હતો જેમાં મોટી ખુવારી થઈ હતી. બારાબંકીમાં ભગવાન મહાદેવના મંદિરમાં જળ અર્પણ કરવા શ્રદ્ધાળુઓની લાઈનો લાગી હતી એ જ વેળા કેટલાક કાવડીયાઓ અલગ રીતે આવી જતા ભાગદોડ મચી ગઈ હતી. લાઈન ભંગ થઈ જતા આ બનાવ બન્યો હોવાનું



જાણવા મળ્યું છે. સવારમાં આ બનાવ બન્યા બાદ ૧૦ લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત ૧૦ લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મૃત્યુ પામેલા બે શ્રદ્ધાળુઓની ઓળખ થઈ શકી નથી. બનાવની જાણ થતાં તમામ ટોચના લોકો અને મંદિર સાથે સંકળાયેલા લોકો દોડી આવ્યા હતા અને બનાવ અંગે માહિતી મેળવી હતી. ઉત્તર પ્રદેશ સરકારની હાલમાં અવ્યવસ્થાના કારણે વ્યાપક ટીકાઓ થઈ છે. ઉત્તર પ્રદેશમાં બારાબંકી જિલ્લાના રામનગર સ્થિત લોધેશ્વર મંદિરમાં આજે સવારે શિવલિંગ ઉપર જળાભિષેકની વિધી વેળા આ બનાવ બન્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ મોટી સંખ્યામાં કાવડિયાઓ એકત્રિત હતા અને જળાભિષેકની સ્પર્ધા જામી હતી. કાવડિયાઓને લાઈનમાં રાખવા માટે બેરી ગેટ્સ મૂકવામાં આવ્યા હતા પરંતુ આ તૂટી જવાના કારણે અવ્યવસ્થા ફેલાઈ ગઈ હતી.

## પીએસયુ બેંકોના વડા સાથે ૧૮મીએ મિટીંગ

નવી દિલ્હી,તા.૧૦


નાણામંત્રી પી. ચિદમ્બરમ્ ૧૮મી માર્ચના દિવસે જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓ સાથે મહત્વપૂર્ણ મિટીંગ યોજનાર છે. આ મિટીંગમાં અર્થતંત્ર અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. ઉપરાંત પ્રત્યક્ષ લાભ ટ્રાન્સફર, સતત ઘટતી જતી સંપત્તિની ગુણવત્તા અને ક્રેડિટના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા થશે. ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્ફરનો મુદ્દો ગરમ બનેલો છે. એસબીઆઈ, પંજાબ નેશનલ બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા સહિત કેટલીક જાહેર ક્ષેત્રની બેંકોના એનપીએસનો આંકડો ડિસેમ્બર ૨૦૧૨ના અંતે કુલ સંપતિના ચાર ટકાથી વધી ગયો હતો. પીએસયુ બેંકોની એનપીએનો આંકડો ડિસેમ્બર ૨૦૧૨માં ૧૮૪૧૯૩ કરોડ સુધી પહોંચી ગયો હતો. આ મિટીંગમાં અન્ય ઘણા પાસાં ઉપર ચર્ચા થશે જેમાં કૃષિ, ખાણ અને મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં નિરાશાજનક દેખાવનો સમાવેશ થાય છે. આ મિટીંગમાં ચિદમ્બરમ્ ધિરાણ વધારવા બેંકોને સૂચના આપે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. મિટીંગને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે આરબીઆઈ ૧૯મીના દિવસે તેની અતિ મહત્વપૂર્ણ પોલીસી સમીક્ષા પણ રજૂ કરનાર છે જેમાં વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ૨૯મી જાન્યુઆરીના દિવસે તેની છેલ્લી બેઠકમાં આરબીઆઈએ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો.

**વિદેશ પ્રધાન સલમાન ખુરશીદની કબુલાત**

## ભારત-પાક મંત્રણાને તરત કોઈ સફળતા ન મળી શકે

ગાઝિયાબાદ,તા. ૧૦

પાકિસ્તાનના વડાપ્રધાન રાજા પરવેઝ અશરફની ભારતની યાત્રાને બિનસત્તાવાર તરીકે ગણાવીને વિદેશ પ્રધાન સલમાન ખુરશીદે આજે કહ્યું હતું કે બન્ને દેશોને આવરી લેતા દ્વિપક્ષીય મામલાઓને ઉકેલવામાં સફળતા લાંબો સમય લઈ શકે છે. એકદિવસની વાતચીતથી સફળતા મળશે નહી. પ્રધાને કહ્યું હતું કે બન્ને દેશો વચ્ચે નવેસરથી દ્વિપક્ષીય મંત્રમા ફરી ક્યારેય શરૂ થશે તે અંગે તેઓ કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. તેમણે કહ્યું હતું ભારત અને પાકિસ્તાન સંબંધિત મામલે સફળતા એકદિવસમાં અથવા તો ક્ષણમાં મળશે નહી. સૌથી પહેલા



આધારશીલા બનાવવામાં આવશે ત્યારબાદ યોગ્ય વાતાવરણની રચના કરવામાં આવશે. ગાઝિયાબાદમાં અર્ધલશ્કરી દળ સીઆઈએસએફના સ્થાપના દિવસે મુખ્ય મહેમાન તરીકે હાજર રહેલા ખુરશીદે અનેક મામલે વાત કરી હતી. ગઈકાલે જયપુરમાં પાકિસ્તાનના વડાપ્રધાનને મળ્યા પછી દ્વિપક્ષીય મામલે કોઈ પ્રગતિ થઈ છે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેમણે આ મુજબનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે તેમની યાત્રા સત્તાવાર ન હતી. તેમના પરિવાર સાથે અજમેર શરીફની યાત્રા દરમિાન અશરફને મળવાની સરકારે એક અનૌપચારિક વિધી કરી હતી. બન્ને દેશો વચ્ચે વાતચીત ફરી શરૂ કરવાના પ્રયાસો હાથ ધરાયા છે.

## મોરેશિયસના રાષ્ટ્રીય દિને પ્રણવ'દા મુખ્ય મહેમાન

નવીદિલ્હી, તા. ૧૦

રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી મંગળવારે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસના પ્રસંગે યોજાનારા કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે ભાગ લેશે. રાષ્ટ્રપતિ પોતાના આ ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન ભારત અને મોરેશિયસ, સ્વાસ્થ્ય અને પર્યટન સહિત સામાજિક ક્ષેત્રોમાં ઘણો દ્વિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરશે. રાષ્ટ્રપતિ આવતીકાલે મોરેશિયસ જવા રવાના થશે. બંને દેશ વચ્ચે ઐતિહાસિક સ્વરૂપે નિકટના સંબંધો રહ્યા છે. ભારત આ સંબંધને ખાસ, અલગ અને અસાધારણ ગણાવે છે.

વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) સુધીર વ્યાસે જણાવ્યું હતું કે, ભારત મોરેશિયસ સાથેના સંબંધોને ઘણું મહત્વ આપે છે. કારણ કે ભૂ-સામરિક સ્થિતિ સિવાય તેની ૭૦ ટકા વસતિ ભારતીય મૂળની છે. ૩૮ ટકા પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઇ) આ દેશમાંથી પ્રાપ્ત થાય છે. પોતાના આ પ્રવાસ દરમિયાન પ્રણવ મુખરજી રાજકેશ્વર, પ્રયાગ, વડાપ્રધાન નવીનચંદ્ર રામગુલામ, નેશનલ એસેમ્બલીના સ્પીકર અબ્દુલ રજાક પીરુ, મુખ્ય ન્યાયાધીશ વાઈ. કે જે યેઉંગ સિક યૂએન અને વિરોધપક્ષના નેતા પૉલ બરેંગરની પણ મુલાકાત લેશે. રાષ્ટ્રપતિના પ્રેસ સચિવ વેણુ રાજમણિએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ આ પ્રવાસ અંગે અત્યંત ઉત્સાહિત છે. મોરેશિયસના રાષ્ટ્રીય દિવસના સમારોહમાં મુખ્ય અતિથિ બનવાની બાબત અંગે તેઓ ઘણું સન્માન અનુભવે છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનો આ બીજો વિદેશ પ્રવાસ છે. રાષ્ટ્રપતિ બન્યા પછી તેમનો પ્રથમ વિદેશ પ્રવાસ બાંગ્લાદેશનો હતો. તાજેતરમાં જ રાષ્ટ્રપતિ બાંગ્લાદેશના પ્રવાસેથી પાછા ફર્યા છે.

## ડ્રગ્સ કૌભાંડ : વિજેન્દ્રની પૂછપરછનો તખ્તો તૈયાર

મોહાલી, તા.૧૦

ઓલિમ્પિકમાં શાનદાર દેખાવ કરી ચુકેલા વિજેન્દ્રસિંહની તકલીફ દિનપ્રતિદીન ડ્રગ્સ કાંડના સંબંધમાં વધી રહી છે. વિજેન્દ્રસિંહની પુછપરછનો તખ્તો હવે ગોઠવાઈ રહ્યો છે. બીજી બાજુ વિજેન્દ્રસિંહ સાથે ડ્રગ્સ લેવાનો દાવો કરી ચુકેલા બોકસર રામસિંહની એનઆઈએસમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે. ઓલિમ્પિયન કાંસ્ય ચંદ્રક વિજેતા વિજેન્દ્રસિંહના રુમ સાથી રામસિંહની આજે હકાલપટ્ટી કરવામાં આવી હતી. સ્ટાર બોક્સર સાથે ડ્રગ્સ લીધો હોવાની કબુલાત રામસિંહે કરી હતી. સ્ટાર બોક્સરની પુછપરછ કરવામાં આવી શકે છે. આ અંગેનો સંકેત ફતેહગઢ સાહીબના એસએસપી



હરદયાલસિંહ દ્વારા આપી દેવામાં આવ્યો છે. તેમણે કહ્યું છે કે, આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક આ નેટવર્કમાં સામેલ હોય શકે છે.જેથી વિજેન્દ્રસિંહની પુછપરછ કરવામાં આવનાર છે. આ કેસના સંબંધમાં છ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. આ બનાવના કારણે ભારતીય બોક્સીંગ ક્ષેત્રમાં પણ ખળભળાટ મચી ગયો છે. વિજેન્દ્રસિંહે હજુ સુધી આ કેસમાં કોઈપણ સંડોવણી હોવાનો ઈન્કાર કર્યો છે. જો કે તેના સાથી બોક્સર રામસિંહે ઓલિમ્પિયન કાંસ્ય ચંદ્રક વિજેતા વિજેન્દ્રસિંહ સાથે ડ્રગ્સ સાથે પ્રયોગ કરવાની વાત કબુલી લીધી છે. પંજાબ પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે સેવા બજાવી રહેલા રામસિંહ સુપર હેવીવેઈટ કેટેગરીમાં ભૂતપૂર્વ રાષ્ટ્રીય ચેમ્પિયન પણ છે. ફતેહગઢ સાહીબમાં પત્રકારો સાથે વાતચીત કરતાં રામસિંહે કહ્યું હતું કે, તે અને વિજેન્દ્રસિંહે કેટલીક વખત ડ્રગ્સનો પ્રયોગ કરી ચુક્યાં છે.

પોલીસ દ્વારા તેની આકરી પૂછપરછ કરાયા બાદ આ મુજબની કબુલાત રામસિંહે કરી હતી. રામસિંહની દરરોજની પુછપરછ થઈ રહી છે. વિજેન્દ્રસિંહનું નામ ગુરુવારે ૧૩૦ કરોડ રૂપિયાની હેરોઈન કબ્જે કરવામાં આવ્યા બાદ સપાટી પર આવ્યું છે. ૨૭ વર્ષીય વિજેન્દ્રસિંહ હરિયાણા પોલીસમાં ડીએસપી તરીકે છે. કૌભાડમાં સામેલ હોવાનું વિજેન્દ્રસિંહે હજુ સુધી ઈન્કાર કર્યો છે. એનઆઈએસમાંથી રામસિંહની હકાલપટ્ટીને સમર્થન મળી ચુક્યું છે.

## સમાચાર ઝલક

- મહાશિવરાત્રીના કારણે યમુના બચાવોનાં આંદોલનકારીઓને રોકી દેવામાં આવ્યાં.
- મહાશિવરાત્રીના ઉત્સવમાં દેશભરના શિવાલયોમાં શિવભક્તોનો માનવ મહેરામણ ઉમટ્યો.
- બ્રહ્મકુમારી દ્વારા ચોકલેટનું શિવલિંગ બનાવાયું, જે લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામ્યું.
- દેશનાં નવ મોટાં મંદિરો પર આતંકીઓનો ડોળો, ખાનગી ગુપ્ત એજન્સીનો અહેવાલ, સલામતી દળોની ચાંપતી બાજ નજર.
- અમેરિકન હવાઇ મથકે ઇમરાનખાનને હેરાનગતિનો કડવો અનુભવ થયો.
- મહાકુંભનું આજે છેલ્લું શાહી સ્નાન, આ યોગ ૨૩૭ વર્ષ બાદ મહાશિવરાત્રીએ બનેલ છે.
- ઉત્તરપ્રદેશના બારાબંકીના શિવમંદિરમાં ભાગદોડમાં દર્શનાર્થીઓ ઘાયલ.
- મહેસાણા એસ.ટી.ડેપોમાં પાસ ધારકોને પાસ મેળવવા માટે ખુબ જ પરેશાની વેઠવી પડે છે.
- અમદાવાદમાં ગુમ થયેલ ૧૨૩ બાળકોની શોધ હજી બાકી છે, કોઇ પત્તો નથી.
- ડ્રગ-હેરોઇન મામલામાં બોક્સર રામસિંહને પણ હટાવાશે. રામસિંહ-વિજેન્દ્રસિંહ ખાસ મિત્રો.
- મે માસમાં અમદાવાદમાં રિવરફ્રન્ટ પર બે કરોડના ખર્ચે પુસ્તક મેળા યોજાશે.
- તા. ૧૮મી માર્ચથી અમરનાથ માટે યાત્રાળુનું રજિસ્ટ્રેશન નોંધણી શરૂ થશે.
- ઉત્તરપ્રદેશના ડી.એસ.પી.ની હત્યાની સી.બી.આઇ.ની તપાસ તેજ છતાં પ્રગતિ શૂન્ય.
- મોરિશિયસમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને સર્વોત્તમ સન્માન અપાશે.
- બિહાર તથા કેટલાક રાજ્યોનાં રાજ્યપાલો નવા નિમાયા.
- કરાંચીમાં ખ્રિસ્તીઓ ઉપર અત્યાચાર ખ્રિસ્તીઓના દેખાવો. વિશ્વભરમાં ઘેરા પ્રત્યાઘાત.
- પશ્ચિમ બંગાળના હુબલીમાં ઝેરી શરાબ પીવાથી ૧૦નાં મોત.
- યાસીન ભટકલ બંધુઓ દક્ષિણ ગુજરાતમાં છુપાયા હોવાની ઇન્ટેલિજન્સના અહેવાલ, રાજ્ય પોલીસ એલર્ટ.
- સોમાલિયામાં ભારતીય બંધકોનો ૧૫ વર્ષ પછી છુટકારો થયો.

## વોન્ટેડ બાદ સલમાન ફરી પ્રભુદેવાની ફિલ્મમાં રહેશે

મુંબઈ,તા.૧૦

સલમાનને લઈને ફિલ્મ બનાવવા માટે તમામ નિર્માતા, નિર્દેશકો ઉત્સુક છે પરંતુ સલમાન ખૂબ ઓછા નિર્માતાઓ સાથે જ ફિલ્મમાં કામ કરે છે. હાલના સમયમાં સલમાનની કોઈપણ ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું નથી. સલમાનની મેન્ટલ ફિલ્મનું શૂટિંગ ધીમી ગતિએ શરૂ થયું છે. આ ફિલ્મને ઈદના દિવસે રજૂ કરવાની ગણતરી સોહેલ ખાન કરે છે. સલમાન હવે અભિનેતા અને નિર્દેશક પ્રભુ દેવા સાથે વધુ એક ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે. વોન્ટેડ ફિલ્મમાં શાનદાર સફળતા હાથ લાગ્યા બાદ પ્રભુ દેવા હવે સલમાનને વધુ એક વખત લઈને ફિલ્મ બનાવવા માગે છે. પ્રભુ દેવા સાથે સલમાનની જોડી હમેશા જામી છે. બંનેના સંબંધો પણ ખૂબ સારા રહ્યા છે. આ જ કારણસર પ્રભુદેવાના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મમાં કામ કરવા સલમાન ખાને લીલીઝંડી આપી દીધી છે. આ ફિલ્મનું નિર્માણ રમેશ તોરાની દ્વારા કરવામાં આવનાર છે. વોન્ટેડ જેવી સુપર હિટ ફિલ્મ બાદ ફરી એકવાર સાથે કામ કરશે. કીક ફિલ્મનું શૂટિંગ વર્ષના અંત સુધી શરૂ થઈ શકશે.

**ન્યાય અને અધિકાર માટે આંદોલન ચલાવવું જોઈએ**

## સ્ત્રીઓ પ્રત્યેની માનસિકતામાં ફેરફાર જરૂરી : જે.એસ.વર્મા

નવીદિલ્હી,તા.૧૦

ભૂતપૂર્વ ન્યાયાધીશ જે.એસ.વર્માએ આજે જણાવ્યું હતું કે, યૌન અપરાધ વિરુદ્ધ કાનૂન બનાવવા કરતાં વધુ મહત્વની બાબત સમાજની માનસિકતામાં ફેરફાર લાવવાની છે. દિલ્હીના ગેંગરેપની પૃષ્ઠભૂમિમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધ સંબંધી કાનૂનની તપાસ કરવા માટે સરકાર દ્વારા નિયુક્ત પેનલની આગેવાની કરનારા ન્યાયમૂર્તિ વર્માએ જણાવ્યું હતું કે, મહિલાઓ માટેના ન્યાય અને અધિકારો માટે સતત આંદોલન ચલાવવું જોઈએ. જે.એસ.વર્માએ મહિલાઓના અધિકારો અંગેના એક સંમેલનમાં જણાવ્યુંહતુંકે, સમાજની માનસિકતામાં પરિવર્તન આવે તે અત્યંત જરૂરી છે. સમાજની ભૂમિકા અગત્યની છે. વર્માએ પ્રશ્ન કરતાં પૂછ્યું હતું કે, ૧૮૭૫માં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવ્યો. એક સદી બાદ ભારતમાં મહિલાઓના અધિકારો માટેના આંદોલને વેગ પકડ્યો. હકીકતમાં આ આંદોલનને વેગ આપનારી ઘટના ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ની ગેંગરેપની ઘટના છે. કેમ પ્રજાને આ વિષય પર ચિંતન કરવા માટે આવા ભયંકર ગેંગરેપની જરૂર પડી?

યૌન અપરાધ વિરુદ્ધ અવાજ ઉઠાવવા માટે યુવા પેઢીની પ્રશંસા કરતાં ન્યાયમૂર્તિ વર્માએ જણાવ્યું હતું કે, દેશની યુવા પેઢીએ પોલીસની ઉશ્કેરણી છતાં પોતાનો શાંતિપૂર્ણ વિરોધ ચાલુ રાખ્યો હતો. મેંએક વીડિયોમાં જોયું છે જેમાં પોલીસે નિર્દયતાપૂર્વક કરેલી મારઝૂડ છતાં યુવકો અને યુવતીઓએ પ્રતિકાર ન કર્યો, શાંતિપૂર્ણ દેખાવો કર્યા. જો આ દશ્ય મહાત્મા ગાંધીએ જોયું હોત તો અવશ્ય પ્રસન્ન થયા હોત.

તેમણે જણાવ્યું હતું કે, યુવા આંદોલન જારી રહેશે કારણ કે તેનો કોઈ રાજકીય એજન્ડા નથી. તેમણે એ વાત અંગે આશ્ચર્ય વાત કર્યું હતું કે, ગેંગરેપ બાદ સરકારે દિલ્હી પોલીસ વડાની પ્રશંસા કેમ કરી હતી ? વર્માએ જણાવ્યું હતું કે, જ્યારે આપણા ગૃહમંત્રીએ ગેંગરેપની ઘટનાના ચાર દિવસ બાદ આરોપીની ધરપકડ કરવા બદલ દિલ્હી પોલીસને અભિનંદન આપ્યા ત્યારે મને આશ્ચર્ય થયું હતું કે, પોલીસ બળાત્કારની ઘટના કેમ અટકાવી ન શકી ? તેમણે જણાવ્યું હતું કે, આ જઘન્ય અપરાધ અવશ્ય રોકી શકાત. જો દિલ્હી પોલીસે મહિલાઓની સુરક્ષા માટે કોર્ટ તરફથી આપેલા આદેશો લાગુ કર્યા હોત. પોલીસ એફ.આઈ.આર. નોંધતી નથી. યૌન અપરાધની પીડિતા પહેલાંથી જ અપમાનનો સામનો કરી ચૂકી હોય છે. ફરીથી તેણે પોલીસોના સવાલના કારણે પોલીસ સ્ટેશનમાં અપમાનિત થવું પડે છે. પીડિતાએ તબીબી તપાસમાંથી પસાર થવું પડે છે. આ તપાસ ઘણી અસભ્યરીતે થાય છે.

## ૧૧ મહીનામાં નિકાસ ક્ષેત્રે ૧૦ લાખ લોકો બેરોજગાર

નવી દિલ્હી, તા.૧૦

નિકાસના ક્ષેત્રમાં છેલ્લા ૧૧ મહીનાના ગાળામાં નિરાશાજનક ચિત્ર સપાટી ઉપર આવ્યું છે. આ ૧૧ મહીનાન ગાળામાં ૧૦લાખથી વધુ લોકો બેરોજગાર થયા છે. ઉદ્યોગ સંસ્થા એસોચૈમ દ્વારા આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. એસોચૈમનું કહેવું છે કે, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ફેબ્રુઆરીના ગાળા દરમિયાન નિકાસ ક્ષેત્રમાં લગભગ ૧૦ લાખ લોકો બેરોજગાર થયા છે. એસોચૈમે સરકારને નિકાસ ક્ષેત્રને પ્રોત્સાહીત કરવા તેમજ રાહત આપવાની માંગ કરી છે.

એસોચૈમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, વસ્તુની નિકાસમાં અછતના કારણે એપ્રિલથી ફેબ્રુઆરી ૨૦૧૩ દરમિયાન આ ક્ષેત્રમાં કામ કરનાર લગભગ ૧૦ લાખ લોકો બેરોજગાર થયા છે. પ્રાથમિક તબક્કાના રિપોર્ટ અનુસાર ચામડા,વસ્ત્રો, આભૂષણ અને રત્ન જેવા વિભિન્ન ક્ષેત્રો સાથે જોડાયેલ લોકો બેરોજગાર થયા છે. આઈટી ક્ષેત્રને પણ કેન્દ્રીત કરતા એસોચૈમે નિવેદન આપ્યું કે, આઈટી ક્ષેત્રમાં પણ કર્મચારી બેરોજગાર થઈ રહ્યા છે. કારણકે, આઈટી ક્ષેત્રમાં કામની માંગ દિવસે દિવસે ઘટી રહી છે.

## ૧૧ મહીનામાં નિકાસ ક્ષેત્રે ૧૦ લાખ બેરોજગાર

નવી દિલ્હી, તા.૧૦

નિકાસના ક્ષેત્રમાં છેલ્લા ૧૧ મહીનાના ગાળામાં નિરાશાજનક ચિત્ર સપાટી ઉપર આવ્યું છે. આ ૧૧ મહીનાન ગાળામાં ૧૦લાખથી વધુ લોકો બેરોજગાર થયા છે. ઉદ્યોગ સંસ્થા એસોચૈમ દ્વારા આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. એસોચૈમનું કહેવું છે કે, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ફેબ્રુઆરીના ગાળા દરમિયાન નિકાસ ક્ષેત્રમાં લગભગ ૧૦ લાખ લોકો બેરોજગાર થયા છે. એસોચૈમે સરકારને નિકાસ ક્ષેત્રને પ્રોત્સાહીત કરવા તેમજ રાહત આપવાની માંગ કરી છે.

એસોચૈમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, વસ્તુની નિકાસમાં અછતના કારણે એપ્રિલથી ફેબ્રુઆરી ૨૦૧૩ દરમિયાન આ ક્ષેત્રમાં કામ કરનાર લગભગ ૧૦ લાખ લોકો બેરોજગાર થયા છે. પ્રાથમિક તબક્કાના રિપોર્ટઅનુસાર ચામડા,વસ્ત્રો, આભૂષણ અને રત્ન જેવા વિભિન્ન ક્ષેત્રો સાથે જોડાયેલ લોકો બેરોજગાર થયા છે. આઈટી ક્ષેત્રને પણ કેન્દ્રીત કરતા એસોચૈમે નિવેદન આપ્યું કે, આઈટી ક્ષેત્રમાં પણ કર્મચારી બેરોજગાર થઈ રહ્યા છે. કારણકે, આઈટી ક્ષેત્રમાં કામની માંગ દિવસે દિવસે ઘટી રહી છે.